# વડોદરા મહાનગરપાલિકા

# ઓડિટ રિપોર્ટ

# વર્ષ ૨૦૧૯-૨૦

Audit Dept.

AUDIT DEPARTMENT
AUDIT OUTWARD
NO. ૫૯૯ DT. 30/07/2020

ચીફ ઓડિટરશ્રીની કચેરી
ઓડિટ શાખા
મહાનગરપાલિકા
વડોદરા
તા.૩૦-૭-૨૦૨૦

પ્રતિ,
મંત્રીશ્રી
મહાનગરપાલિકા
વડોદરા

વિષય : વર્ષ ૨૦૧૯-૨૦ નો તપાસણી અહેવાલ (Audit Report) શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવા બાબત

મહાનગરપાલિકાની ઓડિટ શાખા દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન વોર્ડ તેમજ ખાતાઓની આવક તેમજ ખર્ચના બિલની તપાસણી કરવામાં આવેલી હતી. જેનો તપાસણી અહેવાલ (Audit Report) શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવામાં આવે છે.

મહાનગરપાલિકામાં પ્રિ-ઓડિટ પધ્ધતિ અમલમાં હોઇ, વોર્ડ તેમજ ખાતાઓના તમામ ખર્ચના બિલ હિસાબી શાખા મારફતે ઓડિટ શાખામાં માન્યતા અર્થે રજૂ કરવામાં આવે છે. અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૪૧,૯૭૨ બિલ તપાસણી માટે આવેલ હતા. બિલનું પ્રિ-ઓડિટ થયા બાદ ચૂકવણાં માટે હિસાબી શાખા તરફ રવાના કરવામાં આવે છે. બિલની તપાસણી દરમ્યાન જણાયેલી વિવિધ પ્રકારની કપાતો, વહીવટી ક્ષતિઓ, અનિયમિતતાઓ પ્રાથમિક તબક્કે જ ઓડિટ ખાતાને ધ્યાને આવે છે. હિસાબી શાખા દ્વારા ખર્ચના વાઉચરો નિયમિત રીતે પોસ્ટ ઓડિટ (Concurrent Audit) માટે ઓડિટ શાખાએ અઠવાડિક રજૂ કરવામાં આવતા હોવાથી મહાનગરપાલિકાની નાણાંકીય શિસ્ત જળવાઇ રહેલ છે.

મહાનગરપાલિકાના તમામ ખર્ચના બિલની પ્રિ-ઓડિટ પદ્ધતિથી તપાસણી કરવામાં આવતી હોઇ તેના પરીણામ સ્વરૂપે મુખ્ય ઓડિટ શાખા તેમજ તમામ ઝોન ઓડિટ વિભાગ અને સ્ટોર ઓડિટ વિભાગ મારફતે કુલ ₹ ૨,૩૮,૫૪,૨૪૫/- ની કપાત કરવામાં આવેલ હતી. તેમજ કુલ ₹ ૧૬,૬૧,૩૯૫/- ની રકમના બિલ જે તે સબંધિત ખાતાના અધિકારીઓની લેખિત રજૂઆતના સંદર્ભે જરૂરી પૂર્તતાઓ કરવાની શરતે પ્રોવિઝનલી માન્ય કરવામાં આવેલ હતા.

મહાનગરપાલિકાના ખાતાઓ તેમજ વહીવટી વોર્ડ દ્વારા કરવામાં આવતા આકસ્મિક ખર્ચ અથવા માલસામાન ખરીદીના પ્રસંગે કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મેળવીને તસલમાત (Advance)

Audit Dept.

લેવામાં આવે છે. મંજૂર કરવામાં આવેલી તસલમાત પૈકી કુલ ₹ ૫૮,૭૬,૧૨,૯૮૧/- ની રકમનો જમાખર્ચ સબંધિત ખાતાઓ તેમજ વોર્ડ તરફથી વર્ષના અંતે કરાવવામાં આવેલ નથી.

મહાનગરપાલિકાના વિવિધ ખાતાઓ તેમજ વહીવટી વોર્ડમાં આવકના હિસાબી દફતરોની તપાસણીની કામગીરી ઓડિટ શાખાના જમા વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. સમગ્ર તપાસણીની કામગીરી દરમ્યાન જણાઇ આવેલ વહીવટી ક્ષતિઓ, અપૂર્તતાઓ, અનિયમિતતાઓ, કમી લાગત વસૂલાતો, કમી આકાર વસૂલાતો લગત સબંધિત ખાતા તેમજ વોર્ડમાં લેખિત ઓડિટ વાંધાઓ દ્વારા સ્પષ્ટતા તેમજ પૂર્તતા કરાવવામાં આવેલ છે. પ્રિ-ઓડિટમાં તપાસણી અર્થે રજૂ થયેલા ખર્ચના બિલ અંગે જરૂરી પૂર્તતા તેમજ સ્પષ્ટતા કરાવવામાં આવેલ છે તેમજ તે પૈકીના મહત્વના તેમજ નીતિ વિષયક વાંધાઓના ઓડિટ પેરા ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ કરેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦ નો વિગતવાર તપાસણી અહેવાલ (Audit Report) સામેલ છે. જે શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણમાં લાવવા વિનંતી છે.

ચીફ ઓડિટર
મહાનગરપાલિકા
વડોદરા

Audit Dept.

ઓડિટ શાખા

# વડોદરા મહાનગરપાલિકા

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિતા.૦૭-૦૮-૨૦૨૦ ના રોજ બપોરના ૪-૩૦ વાગે શ્રી સતિષ ગોવિંદભાઇ પટેલના અધ્યક્ષપણા નીચે મળી તેના ઠરાવની નકલ

| વિગત | દરખાસ્ત તથા સુધારા | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તેજ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | નામ (૧) દરખાસ્ત કરનારનું (૨) અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો કરવામાં આવ્યો તે | તરફેણમાં | વિરુધ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે | શેરો |
| વિષય નં.૧<br>વડોદરા મહાનગરપાલિકાની ઓડીટ શાખા દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન વોર્ડ તેમજ ખાતાઓના આવક તેમજ ખર્ચના બિલની તપાસણી કરવામાં આવેલી હતી. જેનો તપાસણી અહેવાલ **(Audit Report)** ચીફ ઓડીટરશ્રી તરફથી આવેલ હોઇ તેને જાણમાં લેવા બાબત. | શ્રી નિ.ર.રાઠોડ<br>શ્રી પ્ર.ક.દેસાઇ | જાણમાં લીધું. | ૧૧ | - | ૧૪૩<br>૦૭-૦૮-૨૦૨૦ | સ.મતે જાણમાં લીધું. | | | |

ખરી નકલ
Chintan Desai
મ્યુનિસિપલ સેક્રેટરી
વડોદરા મહાનગરપાલિકા
વડોદરા.

ન.ક. રે.ક.

ઓડિટ ઓફીસ
આવક નં. 2306
દાખલ તા. 10/08/2020

# વડોદરા મહાનગરપાલિકા
# ઓડિટ શાખા
# ઓડિટ રિપોર્ટ વર્ષ ૨૦૧૯-૨૦

## અનુક્રમણિકા


| અનુ. નંબર | વિગત | પેરા નંબર | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | મહેકમ વિભાગ | ૧ | ૧ |
| ૨ | PWD બિલ વિભાગ | ૨ થી ૮ | ૨ |
| 3 | અનામત રિફંડ બિલ વિભાગ | ૯ | ૬ |
| ૪ | દેણેયાદી બિલ વિભાગ | ૧૦ થી ૧૧ | ૬ |
| ૫ | Concurrent Post Audit (CPA) વિભાગ | ૧૨ થી ૧૩ | ૭ |
| ૬ | પશ્ચિમ ઝોન ઓડિટ વિભાગ | ૧૪ | ૮ |
| ૭ | તસલમાત (Advance) જમાખર્ચ રિપોર્ટ | ૧૫ | ૯ |
| ૮ | પરિશિષ્ટ - ૧ થી ૮ | - | ૧૦ |


Audit Dept.

# ઓડિટ પેરાની અનુક્રમણિકા


| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| | **મહેકમ વિભાગ** | |
| ૧ | ઓડિટ શાખાના મહેકમ (સ્ટાફ) ની પ્રવર્તમાન સ્થિતિની વિગત | ૧ |
| | **PWD બિલ વિભાગ** | |
| ૨ | રોડ પ્રોજેક્ટ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૮,૮૫,૫૭૪/- ની કપાત | ૨ |
| ૩ | પાણી પૂરવઠા શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૨૯,૭૨,૩૮૦/- ની કપાત | ૨ |
| ૪ | એફોર્ડેબલ હાઉસીંગ સેલ ના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૩,૨૨,૭૧૩/- ની કપાત | ૨ |
| ૫ | પાણી પૂરવઠા શાખાના ફાયનલ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૭,૧૩,૩૮૩/- ની કપાત | ૨ |
| ૬ | ફ્યુચરીસ્ટીક પ્લાનીંગ સેલ ના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૫,૪૩,૦૨૯/- ની કપાત | ૨ |
| ૭ | રોડ પ્રોજેક્ટ શાખાના પાર્ટબિલ માંથી કરાવવામાં આવેલી ₹ ૧૬,૬૦,૨૪૫/- ની કપાત | ૩ |
| ૮ | વર્ષ દરમ્યાન PWD ના બિલની તપાસણીમાં જણાઇ આવતી વહીવટી ક્ષતિઓ અંગે સીટી એન્જીનીયરશ્રીને કરેલી લેખિત જાણ | ૩ |
| | **અનામત રિફંડ બિલ વિભાગ** | |
| ૯ | ઇજારદાર નું અનામત રિફંડ બિલ દફતરે કરાવવા બાબત | ૬ |
| | **દેણેયાદી બિલ વિભાગ** | |
| ૧૦ | પાણી પૂરવઠા શાખાના માનવદિનના બિલમાંથી કરેલ કપાત | ૬ |
| ૧૧ | સુવેઝ ડી. વર્ક્સ શાખાના પંપીંગ સ્ટેશનના બિલમાંથી કરેલ કપાત | ૬ |
| | **Concurrent Post Audit (CPA) વિભાગ** | |
| ૧૨ | CPA વિભાગનો વર્ષ દરમ્યાનની કામગીરીનો અહેવાલ | ૭ |
| ૧૩ | ABC Scheme અંતર્ગત થયેલ કામગીરીનો રિપોર્ટ | ૮ |
| | **પશ્ચિમ ઝોન ઓડિટ વિભાગ** | |
| ૧૪ | વિદેશગમનની રજા પરથી મોડા હાજર થવા બદલ કર્મચારીનો ઇજાફો અટકાવવા બાબત | ૮ |


Audit Dept.

| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| **તસલમાત (Advance) જમાખર્ચ રિપોર્ટ** | | |
| ૧૫ | વર્ષ દરમ્યાન માન્ય કરેલ તેમજ વસૂલ કરેલ તસલમાત (Advance) બાબત | ૯ |


# પરિશિષ્ટની અનુક્રમણિકા


| પરિશિષ્ટ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | બિલની કુલ સંખ્યાની વિગત | ૧૦ |
| ૨ | કુલ કપાતની માહિતી | ૧૧ |
| ૩ | પ્રોવિઝનલી માન્ય કરેલ બિલની માહિતી | ૧૨ |
| ૪ | મહત્વની કપાતની વિગત | ૧૩ |
| ૫ | એક વર્ષથી વધુ સમય બાદ રજૂ થયેલ બિલની માહિતી | ૧૭ |
| ૬ | વોર્ડ/શાખાના જમા દફતર તપાસણીની વિગત | ૨૨ |
| ૭ | ખાતાવાઇઝ તસલમાતની માહિતી | ૨૩ |
| ૮ | હિસાબી શાખાના લેજર તપાસણીની માહિતી | ૨૬ |


Audit Dept.

## : મહેકમ વિભાગ :

પેરા-૧

ઓડિટ શાખામાં મંજૂર થયેલ કુલ ૧૧૫ જગ્યાઓ પૈકી ૬૬ જગ્યાઓ ખાલી છે. જેના કારણે ઓડિટ શાખા દ્વારા કરવામાં આવતી જમા તેમજ ખર્ચ અંગેના વ્યવહારોની તપાસણીની કામગીરી ઉપર વિપરીત અસર પડેલ છે. સ્ટોર ઓડિટ વિભાગ દ્વારા માલસામાનની પ્રત્યક્ષ તપાસણી (Physical Verification) તેમજ માલસામાનના હિસાબોની તપાસણી (Internal Book Verification) થઇ શકેલ નથી. મહાનગરપાલિકાના ૧૨ વહીવટી વોર્ડના Revenue Collection ના હિસાબોની તપાસણી તેમજ ૭૫ જેટલા વહીવટી ખાતાઓનું રેવન્યુ ઓડિટ કરવા માટે હાલમાં સ્ટાફ ઉપલબ્ધ નથી. જે આર્થિક તેમજ વહીવટી દ્રષ્ટિએ ઘણી જ ગંભીર બાબત કહી શકાય. અહેવાલના વર્ષ દરમ્યાન ખાલી જગ્યાઓ અંગેની માહિતી તેમજ સ્ટાફની માંગણી અંગે સામાન્ય વહીવટ વિભાગને લેખિત જાણ કરવામાં આવેલ છે. સદરહુ હકીકત જોતાં ઓડિટ શાખાની ખાલી જગ્યાઓ તાત્કાલીક ભરાય તે અત્યંત જરૂરી છે.

*(ઓડિટ જા.નં ૧૧૨/તા.૨૧-૪-૨૦૨૦)*

### ઓડિટ શાખાના મહેકમની સ્થિતિ (માર્ચ-૨૦૨૦)

| અનું. નંબર | જગ્યાનુ નામ | કુલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચીફ ઓડિટર | ૧ | ૧ | - |
| ૨ | સીની. ઓડિટર | ૫ | ૨ | ૩ |
| ૩ | ઓડિટર | ૭ | ૧ | ૬ |
| ૪ | આસી. ઓડિટર | ૭ | ૭ | - |
| ૫ | જુની. ઓડિટર | ૩૪ | ૧૯ | ૧૫ |
| ૬ | સ્ટોક વેરીફાયર | ૩ | ૨ | ૧ |
| ૭ | જુની. ક્લાર્ક | ૪૯ | ૧૩ | ૩૬ |
| ૮ | હવાલદાર | ૧ | ૧ | - |
| ૯ | જમાદાર | ૧ | - | ૧ |
| ૧૦ | સિપાઇ | ૭ | ૩ | ૪ |
| | **કુલ** | **૧૧૫** | **૪૯** | **૬૬** |

Audit Dept.

## : PWD બિલ વિભાગ :

પેરા-૨

રોડ પ્રોજેક્ટ શાખામાંથી શિવાલય ઇન્ફ્રા પ્રો.પ્રા.લી નું પાર્ટ બિલ નં. આઇ-૦૭/તા.૯-૪-૨૦૧૯, ₹ ૧,૯૫,૨૯,૧૧૩/- મંજૂરી માટે રજૂ થયેલ. તે લગત બિલ ફાઇલની તપાસણી દરમ્યાન સ્ટાર રેટ તફાવત ગણતરીમાં ભુલને કારણે ₹ ૮,૮૫,૫૭૪/- ની રકમ કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડીટ વાંધા નં ૩૨/તા.૨૫-૫-૨૦૧૯)*

પેરા-૩

પાણી પૂરવઠા શાખામાંથી ક્રિષ્ણા કોર્પોરેશન J/V રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી નું પાર્ટ બિલ નં. આઇ-૬૮૪/તા.૧૬-૯-૨૦૧૯, ₹ ૨,૨૩,૦૫,૫૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. પ્રાઇસ વેરીએશનની ગણતરીમાં ભુલને કારણે બિલમાં થયેલ વધુ આકારની રકમ ₹ ૨૯,૭૨,૩૮૦/- ની કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડીટ વાંધા નં ૨૬૭/તા.૨૨-૧૦-૨૦૧૯)*

પેરા-૪

એફોર્ડેબલ હાઉસીંગ સેલમાંથી ગાયત્રી એન્ટરપ્રાઇઝનું પાર્ટ બિલ નં. આઇ-૯૫૨/તા.૨૪-૧૦-૨૦૧૯, ₹ ૩,૨૪,૧૧,૧૨૩/- મંજૂરી માટે રજૂ થયેલ. તેમાંથી મેઝરમેન્ટ બુક કરતાં બિલમાં વધુ આકાર તેમજ PMC ની રિલીઝ નોટ કરતાં વધુ આકાર કરેલ હોઇ, ₹ ૧૩,૨૨,૭૧૩/- ની રકમ કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડીટ વાંધા નં ૩૨૮/તા.૧૧-૧૨-૨૦૧૯)*

પેરા-૫

પાણી પૂરવઠા શાખામાંથી રેનીસન એન્ટરપ્રાઇઝનું ફાયનલ બિલ નં. ડી-૨૨૧/તા.૬-૧૧-૨૦૧૯, ₹ ૫૬,૪૦,૮૪૧/- મંજૂરી માટે રજૂ થયેલ. કામની મેઝરમેન્ટ બુકની ગણતરીમાં ભુલને કારણે ₹ ૧૭,૧૩,૩૮૩/- નાં વધુ આકારની કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડીટ વાંધા નં ૩૦૧/તા.૧૬-૧૧-૨૦૧૯)*

પેરા-૬

ફ્યુચરીસ્ટીક પ્લાનીંગ સેલમાંથી વ્રજરાજ કન્સ્ટ્રકશનનું પાર્ટ બિલ નં. આઇ-૧૬૭૦/તા.૧૬-૩-૨૦૨૦, ₹ ૫૧,૪૮,૪૭૭/- મંજૂરી માટે રજૂ થયેલ. થર્ડ પાર્ટી ઇન્સ્પેકસન (TPI) ની રિલીઝ નોટમાં રિલીઝ કરેલ જથ્થા કરતાં વધુ જથ્થાનો આકાર બિલમાં કરેલ હોઇ, વધુ આકારેલ ₹ ૫,૪૩,૦૨૯/- કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડીટ વાંધા નં ૫૫૪/તા.૩૧-૩-૨૦૨૦)*

Audit Dept.

પેરા-૭

રોડ પ્રોજેક્ટ શાખામાંથી શિવાલય ઇન્ફ્રા. પ્રો. પ્રા. લી. નું પાર્ટ બિલ નં. આઇ-૨૮૯/તા.૪-૯-૨૦૧૯, ₹ ૧,૩૬,૯૭,૯૧૭/- મંજૂરી માટે રજૂ થયેલ. અંદાજીત ભાવથી ૫.૦૩% વધુ મુજબ ભાવપત્ર મંજુર થયેલ જયારે બિલ ઇજારદારના ભરેલ ભાવથી ૫.૦૩% વધુ મુજબ બનાવેલ હોઇ, વધુ આકાર ₹ ૧૬,૬૦,૨૪૫/- ની રકમ કપાત કરવામાં આવી છે.

*(ઓડીટ વાંધા નં ૫૫૩/તા.૩૧-૩-૨૦૨૦)*

પેરા-૮

વડોદરા મહાનગરપાલિકામાં ખર્ચના બિલની પ્રિ-ઓડીટ પદ્ધતિ અમલીય હોઇ પેમેન્ટ પૂર્વે ઓડિટ શાખામાં તમામ બિલ તપાસણી માટે રજૂ કરવામાં આવે છે. ખાતા દ્વારા બિલ બનાવવાની પ્રક્રિયા દરમ્યાન માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મારફતે કરવામા આવેલ પરિપત્રો, અધિકાર પરત્વે મંજૂરી અંગેના ધારાધોરણો અને ટેન્ડરની શરતો મુજબનો ચુસ્તપણે અમલ કરવામાં ઉદાસીનતા જણાઇ આવે છે. જેથી અત્રેથી ઓડિટ વાંધાઓ ઉપસ્થિત થતા બિલ મંજૂરી માં વિલંબ થતો હોય છે.

નીચે દર્શાવ્યા મુજબના મહત્વના વહીવટી સુચનો સીટી એન્જીનીયરશ્રી તરફ લેખીતમાં મોકલવામાં આવેલ છે.

- ઓડિટ શાખાએ રજૂ કરવામાં આવતા વર્કસની કામગીરીના બિલની તપાસણી દરમ્યાન ઘણાં કિસ્સામાં કામોના ટેન્ડરની શરત મુજબ 2% EMD, 3% SD અને 5% Performance Bank Guarantee (PBG) પૂરા સમયની રજૂ કરવામાં આવતી નથી. બેન્ક ગેરંટી રીન્યુ કરાવેલ ન હોય તેટલા સમયના તૂટ ના પિરિયડની ઠરાવ્યા મુજબ 6% વાર્ષિક વ્યાજની કપાત કરીને જ બિલ રજૂ કરવા જરૂરી છે.
- અત્રે રજૂ કરવામાં આવતા પ્રોજેક્ટ વર્ક્સના કામો, તથા વાર્ષિક ઇજારાના કામોના ટેકનીકલ બીડમાં ૨% અનામત, ૩% અનામત, ૫% અનામત ની શરતો હોય છે. ઘણા કામોમાં ટેકનીકલ બીડના Memorandum માં તેમજ ટેન્ડર ક્લોઝની શરતોમાં વિસંગતતા જણાય આવેલ છે. દા.ત. Memorandum માં ૩% સીક્યુરીટી અનામત (SD)ની રકમ ૧૫ દિવસમાં ભરી દેવી તેવો ઉલ્લેખ હોય છે, જ્યારે ટેન્ડર ક્લોઝમાં ૩% S.D. બિલ કપાત કરવાનો ઉલ્લેખ હોય છે. જેથી ટેકનીકલ બીડમાં શરતો સુસંગત રાખવી જરૂરી છે.

  કેટલાક કિસ્સામાં ૫% ની પરફોર્મન્સ બેંક ગેરંટીની (PBG) શરતો પણ ગુંચવણ ભરેલી જોવા મળે છે. જેમાં ૫% PBG કામ નો ઓર્ડર આપ્યાના ૧૫ દિવસમાં એકસહ આપવી અથવા તો એન્જીનીયર ઇન-ચાર્જ સૂચવે તે પ્રમાણે આપવી. આવા ટેન્ડર ક્લોઝ કાયદાકીય અને નાણાંકીય પ્રશ્નો જટીલ બનાવી શકે છે. તેમ ન થાય માટે ગેરંટી રજૂ કરવાનો ચોક્કસ સમય દર્શાવવો હિતાવહ છે.
- પ્રોજેક્ટ વર્ક્સના કામોમાં તથા રોડ પ્રોજેક્ટ શાખાના કામોમાં બિલ ની રકમના ૨% EMD, ૩% SD અને ૫% Performance Bank Guarantee (બેંક ગેરંટી) આપવામાં આવતી હોય છે. ઘણી ફાઇલમાં ઓરીજનલ બેંક ગેરંટી રજૂ કરવામાં આવતી નથી, પરંતુ બેંક ગેરંટીની ઝેરોક્ષ નકલો

Audit Dept.

રજૂ કરવામાં આવે છે, જેના પર ખાતા દ્વારા ઓરીજનલ બેંક ગેરંટી ખાતામાં જમા છે, તે મુજબનો શેરો કરવામાં આવે છે.

આવા કિસ્સામાં SD, EMD, અને PBG ની ઓરીજનલ બેંક ગેરંટી ખાતામાં જમા રાખી સુવ્યવસ્થિત રેકોર્ડ હિ.શા.પરિપત્ર અંક: ૬/તા.૧૭-૫-૨૦૦૫ મુજબ રાખવો જરૂરી છે.

- ઇજારદારને વર્કઓર્ડર આપ્યા બાદ દિન-૩૦ માં વડોદરા મહાનગરપાલિકામાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આથી રજીસ્ટ્રેશન ન થયેલ હોય, મુદ્દત પૂર્ણ થયેલ હોય તેવા પ્રસંગોએ બિલ ઓડીટ ચકાસણીમાં મોકલતા પૂર્વે સીટી એન્જીનીયરશ્રીની સક્ષમ મંજૂરી મેળવ્યા બાદ જ રજૂ કરવા જોઇએ.
- વડોદરા મહાનગરપાલિકામાં જે તે વર્ષનો વ્યવસાય વેરો ભર્યા અંગે ચોકસાઇ કરીને બિલ રજૂ કરવા જરૂરી છે.
- કામના વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબની મુદ્દતમાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલી ન હોય, તેવા સમયે વધારાના સમયગાળાની અધિકાર પરત્વે સ્ટોપેજ મંજૂરી/ઓવરટાઇમની કપાત કરવાની મંજૂરી મેળવીને રનીંગ બિલ/ફાયનલ બિલ રજૂ કરવા જોઇએ.
- કામગીરી દરમ્યાન એક્સ્ટ્રા આઇટમ અથવા અંદાજીત જથ્થા કરતાં વધારાના જથ્થાની કામગીરી કરવામાં આવે ત્યારે તે પૈકી થયેલ વધારાના ખર્ચની રકમની અધિકાર પરત્વે મંજૂરી મેળવ્યા બાદ પાર્ટ/ફાયનલ બિલ રજૂ કરવા જરૂરી છે.
- મહાનગરપાલિકાના કામો માટે કરવામાં આવતા વાર્ષિક ઇજારાની ફાઇલો ટેન્ડર મંજૂરી પ્રક્રીયા પૂર્ણ થયા બાદ તેમજ વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ પ્રિ-ઓડિટ માટે ઓડીટ શાખામાં રજૂ કરવી .
- ₹ ૧ કરોડ કે તેથી વધુ રકમના પ્રોજેક્ટ વર્ક્સના ફાયનલ બિલમાં TPI નું ‘Quality Acceptance Certificate’ મેળવવું જરૂરી છે. પરંતુ કેટલાક કામોની ફાઇલો TPI નું સદરહુ સર્ટીફીકેટ મેળવ્યા સિવાય રજૂ કરવામાં આવે છે, જે યોગ્ય નથી. પ્રોજેક્ટ વર્ક્સના કામોમાં PMC ની નિમણૂંક કરેલી હોય ત્યારે ફાયનલ બિલ રજૂ કરતી વખતે PMC નું ‘Completion Certificate’ રજૂ કરવું જરૂરી છે. કેટલાક કામોની ફાઇલો સદરહુ સર્ટીફીકેટ મેળવ્યા સિવાય રજૂ કરવામાં આવે છે, જે યોગ્ય નથી. આ કારણે બિલ મંજૂરીની પ્રક્રીયામાં વિલંબ થાય છે. ₹ ૧ કરોડ કે તેથી વધુ રકમના કામોમાં ફાયનલ બિલની Release Note ની સાથે જ TPI નું ‘Quality Acceptance Certificate’ તથા PMC નું ‘Completion Certificate’ આપવા માટે જે તે કામોના PMC અને TPI ને સૂચન કરવું જરૂરી છે. તેમજ આવા સર્ટીફીકેટ મેળવ્યા બાદ બિલ ઓડીટ શાખા માં રજૂ કરવા ખાતાને સૂચના આપવી.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી પરિપત્ર અંક : ૨૦/૧૮-૧૯/તા.૧૮-૮-૨૦૧૮ માં જણાવ્યા મુજબ Estimate માં S.O.R., Approved Rate, ARC વિગેરે નો ઉલ્લેખ કરવા તથા Market Rate થી અંદાજ બનાવવાના પ્રસંગે Market Rate ના Rate Analysis અધિકાર પરત્વે મંજૂર કરાવીને જ અંદાજ બનાવવા જરૂરી છે.

Audit Dept.

- સા.વ.વિ. પરિપત્ર અંક : ૫૨/૧૮-૧૯/તા.૨૧-૧૨-૨૦૧૮ મુજબ કામના દસ્તાવેજી પૂરાવા રૂપે ફોટોગ્રાફસ રજૂ કરવામાં આવતા નથી. જેથી પરિપત્રનો ચુસ્ત અમલ કરવા તમામ ખાતાઓને સૂચના આપવી જરૂરી છે.
- પીળી માટી, હાર્ડમૂરમ / ક્વોરી ડસ્ટ ના કામોમાં રોયલ્ટી પાસ મેળવીને જ બિલ રજૂ કરવા.
- પાણી પૂરવઠા શાખા તથા ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા રજૂ કરવામાં આવતા કેટલાક બિલમાં Stoppage મંજૂરીમાં બંધનો સમય દર્શાવેલ હોવા છતાં તે સમયગાળામાં Dewatering તેમજ માનવદિન સપ્લાયની કામગીરીઓ ચાલુ હોવાનું MB માં દર્શાવવામાં આવે છે, તથા તેના ચૂકવણાંનો આકાર કરવામાં આવે છે. બંધના સમયગાળામાં દર્શાવેલ કામગીરીનું અત્રેથી ચૂકવણૂં કરવામાં આવતું નથી. જેથી Stoppage મંજૂરીમાં બંધ નો સમય દર્શાવેલ હોય તેવા કામોમાં બંધના સમયમાં કામગીરી દર્શાવવી જોઇએ નહી, તેમજ તેની પૂરતી ચોકસાઇ રાખવી જરૂરી છે.
- રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા રોડની કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા દ્વારા આઇટમ રેટ ટેન્ડર મંગાવવામાં આવે છે. L1 ઇજારદાર ના ભાવ નક્કી થયા બાદ તેઓ સાથે ભાવ ઘટાડો કરવાનો પત્ર વ્યવહાર કરવામાં આવે છે. ત્યારે ભરેલા ભાવપત્રની રકમમાંથી કેટલા % (ટકા) ઘટાડો કરવામાં આવે છે તે મુજબ નું Negotiation કરવાને બદલે અંદાજીત રકમથી કેટલા % (ટકા) વધારે/ઓછા મુજબ કામગીરી કરવાની સંમતિ મેળવવામાં આવે છે. શ્રી સ્થાયી સમિતિ માં દરખાસ્ત દ્વારા અંદાજીત રકમથી વધુ/ઓછા % (ટકા) મુજબનું ભાવપત્ર મંજૂર કરાવવામાં આવે છે. જેને કારણે ઇજારદારના ભરેલ ભાવો મુજબ ચૂકવણું કરવાને બદલે અંદાજીત ભાવોના વધારે/ઓછા % (ટકા) મુજબ ચૂકવણું કરવામાં આવે છે. જે વહિવટી દ્રષ્ટીએ યોગ્ય જણાતું નથી. આથી આઇટમ રેટ ટેન્ડરના કિસ્સામાં ઇજારદારના ભરેલ ભાવમાંથી, % (ટકા) ઘટાડો કરવા માટે Negotiation કરવા અભિપ્રાય છે.
- પ્રોજેક્ટના કામોમાં પ્રિ-બીડ મીટીંગમાં આવેલ સૂચનોથી જો ટેન્ડરની મૂળ શરતોમાં બદલાવ આવેલો હોય અને તેની નાણાંકીય અસરો થતી હોય તેવા કિસ્સામાં દરખાસ્તમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને શ્રી સ્થાયી સમિતિમાં ભાવપત્રની મંજૂરી મેળવવી ઉચીત જણાય છે.
- મટીરીયલ ટેસ્ટીંગ સર્ટીફીકેટ ખાતામાં કામ પૂર્ણ થયા પછી ઇન્વર્ડ કરવામાં આવે છે. આવા સર્ટીફીકેટનું ઇન્વર્ડ કામ શરૂ થાય / કામ દરમ્યાન થવું જોઇએ

*(ઓડીટ જા.નં ૧૮૧૭/તા.૨૮-૨-૨૦૨૦)*

Audit Dept.

## : અનામત રિફંડ બિલ વિભાગ :

પેરા-૯

ઓડીટ આવક નં. ઇ-૧૫૩૩/તા.૩-૮-૨૦૧૯ થી ઇજારદાર શ્રી ભરવાડ વશરામભાઇ દાનાભાઇને અમિતનગર બ્રીજ નીચે પે-પાર્ક માટે હરાજીમાં ભાગ લેવાના કામે ભરેલ ડીપોઝીટ રીફંડ આપવાનું ₹ ૩,૦૦,૦૦૦/- નું બિલ અત્રેની શાખાએ રજૂ થયેલ.

સદર ઇજારદારને આપેલ ફાળવણી પત્રના અ.નં. ૫ માં જણાવ્યા મુંજબ " આપના દ્વારા સંસ્થાની જાહેર હરાજીમાં ભાગ લેવા ભરેલી ડીપોઝીટની રકમ ઇજારો પુરો થતાં સુધી અત્રે જમા રહેશે " તેમ દર્શાવેલ છે. ખાતા દ્વારા ઇજારો ચાલુ હોવા છતા સદર અનામતનું રીફંડ બિલ બનાવી અત્રે તપાસણી અર્થે રજૂ કરેલ. જે લગત અત્રેથી બિલ સ્પષ્ટતા અર્થે પરત મોકલાવેલ. જેના અનુસંધાને ખાતા દ્વારા સદર બિલ રદ કરી દફતરે કરેલ છે.

*(ઓડીટ વાંધા નં ૧૧૬/તા.૨૦-૮-૨૦૧૯)*

## : દેણેયાદી બિલ વિભાગ :

પેરા-૧૦

પાણી પૂરવઠા શાખા (વિતરણ) માટે માહે જુન-૨૦૧૯ દરમિયાન લીધેલ માનવદિનનું વાઈટલ ફેસીલીટીઝ પ્રા. લિમિટેડનું બિલ પી-૩૫૮/તા.૨૦-૮-૨૦૧૯, ₹ ૧૦,૧૦,૩૮૬/- અત્રે મંજૂરી માટે રજૂ કરવામા આવેલ હતું. પ્રસ્તુત કામગીરી નો વર્ક ઓર્ડર ઈજારદારને તા.૧૮-૬-૨૦૧૯ ના રોજ આપેલ હતો પરંતુ પાણી પૂરવઠા શાખા દ્વારા બિલ તા.૧-૬-૨૦૧૯ થી રજૂ કરેલ હતુ તથા બિલની તપાસણીમાં માનવદિનની ગેરહાજરી પણ વધુ જણાઈ આવેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીથી વાંધા મારફતે બિલ પરત કરવામા આવેલ હતુ. ખાતા દ્વારા લેવાયેલ વાંધાની પૂર્તતા રૂપે બિલનો આકાર તા.૧૮-૬-૨૦૧૯ થી કરતા તથા ગેરહાજરીની કપાત ₹ ૫,૬૧,૪૩૫/- ની કરેલ છે અને બિલ માન્ય કરેલ છે.

*(ઓડીટ વાંધા નં ૭૬/તા.૫-૯-૨૦૧૯)*

પેરા-૧૧

સુવેજ ડી વર્કસ શાખાના વિવિધ પંપીંગ સ્ટેશનો ખાતે ઓટોમાઈજેશન કરવાના કામે સાંઈ એપ્લાઈડ ટેક્નો પ્રા. લિમિટેડનું બિલ આઇ-૧૧૦૯/ તા.૧૨-૧૨-૨૦૧૯, ₹ ૮૪,૫૩,૬૮૭/- અત્રે મંજૂરી માટે રજૂ કરવામાં આવેલ હતું. પ્રસ્તુત કામગીરીની ફાઈલ તથા બિલની તપાસણી કરતા તેમાં પેનલ્ટીની કપાતની ફેરગણતરી કરવા, ૨% EMD ની બેંક ગેરંટીમાં તૂટ તથા ૫% પરર્ફોમન્સ બેંક ગેરંટી વિલંબથી રજૂ થયેલ હોઈ તેની તૂટની કપાત કરવા બિલ વાંધાથી પરત કરેલ હતું. ખાતા દ્વારા લેવાયેલ વાંધાની પૂર્તતા કરી બિલમાંથી ₹ ૨,૫૧,૭૦૮/- ની કપાત કરેલ હતી.

*(ઓડીટ વાંધા નં ૧૪૭/તા.૨૬-૧૨-૨૦૧૯)*

Audit Dept.

: **Concurrent Post Audit** વિભાગ :

પેરા-૧૨

વડોદરા મહાનગરપાલિકામાં તમામ પ્રકારના બિલનું ચૂકવણૂં ઓડિટ શાખાએથી પ્રિ-ઓડિટ થયા બાદ જ કરવાની નીતિ અમલમાં છે. હિસાબી શાખા દ્વારા Tally Accounting System થી આવક-ખર્ચના હિસાબોની નિભાવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન હિસાબી શાખા દ્વારા નિભાવવામાં આવેલ વિવિધ ફંડના ૨૨ Bank Account નું Tally Bank Book સાથે Concurrent Post Audit કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન CPA વિભાગ દ્વારા કુલ ૯૨ અઠવાડિક રીપોર્ટ શ્રી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલા છે. વર્ષ દરમ્યાન Concurrent Post Audit ની કામગીરી દરમ્યાન જણાઇ આવેલ ઓડિટ વાંધાઓની રૂબરૂ તેમજ લેખિતમાં પૂર્તતા કરાવવામાં આવેલ છે.

હિસાબી શાખાએથી Bank Account ની નિયમિત રીતે Reconciliation ની કામગીરી કરી ઓડિટ શાખાએ Verification માટે રજૂ કરવામાં આવેલ નથી, જે મહાનગરપાલિકાની નાણાંકીય હિતની દ્રષ્ટીએ ઘણી જ ગંભીર બાબત છે. તેમજ ૧૧૬ Non Operative બેન્ક ખાતા બંધ કરવા માટે હિસાબી શાખાને ઓડીટ જા.નં. ૧૨૦૧/તા.૧૪-૧૧-૨૦૧૯ થી જણાવેલ છે.

Fixed Deposit Register, Loan Register તથા Grant Register તપાસણી અર્થે રજૂ કરવા હિસાબી શાખાને ઓડીટ જા.નં ૧૩૮૯/તા.૧૯-૧૨-૨૦૧૯ થી જણાવેલ છે, છતાં અદ્યાપિ આ Register રજૂ કરવામાં આવેલા નથી.

ઓડીટ વર્ષ દરમ્યાન વિવિધ ફંડનું Ledgers Scrutiny કરવામાં આવેલ અને Scrutiny દરમ્યાન જણાઇ આવેલ ઓડીટ વાંધાઓ હિસાબી શાખાને પૂર્તતા કરવા જણાવેલ છે, જેનો હિસાબી શાખા દ્વારા જવાબ કરવામાં આવેલ નથી.

દરેક ફંડમાં જણાઈ આવેલ સામાન્ય વાંધાઓ નીચે મુજબ છે.

- Employee Related Liabilities ના Group માં ફક્ત જે તે મહિનાની રકમ જ સિલક રહેવી જોઇએ, પરંતુ સદર Group માં અનિયમિતતા જણાઈ આવેલ છે.
- Inter Account Adjustment ના Group માં કુલ Balance જણાઈ આવેલ છે, જે તે ફંડ પાસેથી લેવા પાત્ર કે આપવા પાત્ર હોય તે રકમ સરભર કરવી.
- Liability related to Government Treasury ના Group માં ફક્ત જે તે મહિનાની રકમ જ સિલક રહેવી જોઇએ, પરંતુ સદર Group માં અનિયમિતતા જણાઈ આવેલ છે. જે રકમ સરકારશ્રીમાં જમા કરાવવા પાત્ર હોય તો જમા કરાવવી અથવા જમા કરાવવા પાત્ર ના હોય તો Write-Off કરવું.
- Sundry Creditors ના Group માં Summary ચકાસતા કુલ ઇજારદારોના Ledger માં Negative Balance જણાઈ આવેલ છે, તથા કેટલાક ખાતામાં કોઈ પણ Transactions થયેલ નથી અને Balance જણાઈ આવેલ છે.

Audit Dept.

- Main, RCB, JNNURM તથા Grant Fund માં અનામત ફંડ તથા તસલમાત ફંડ ના Ledger માં Balance જણાઈ આવેલ છે, જે અનામત ફંડ તથા તસલમાત ફંડ માં તબદીલ કરવા પાત્ર હોય તો કાર્યવાહી કરવી.

*(Ledger Scrutiny અંગેના વિગતવાર વાંધાઓ પરિશિષ્ટ-૮ માં જણાવેલ છે.)*

## : **Animal Birth Control Scheme** અંતર્ગત થયેલ કામગીરીનો રીપોર્ટ :

પેરા-૧૩

વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં રખડતા કુતરાઓનું Sterilization & Anti Rabies Vaccination ની કામગીરી માટે શ્રી સ્થાયી સમિતિ દ્વારા Vadodara Society for the prevention of Cruelty to Animals (VSPCA) અને Human Society International (HSI) સંસ્થાઓને મંજૂરી આપવામાં આવેલ છે. આ સંસ્થાઓની કામગીરીની ચકાસણી માટે નિયુક્ત થયેલ કમિટિમાં ઓડિટ શાખાના એક પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન સંસ્થાઓની કામગીરીના Site Verification માં કમિટિ દ્વારા ૧ નંગ Dog Organ કમી કરાવતા બિલમાંથી ₹ ૧૦૫૦/- ની વસૂલાત લીધેલી છે.

## : **પશ્ચિમ ઝોન ઓડિટ વિભાગ** :

પેરા-૧૪

સામાન્ય વહીવટ વિભાગ (સા.વ.વિ.) ઠરાવ અંકઃ ૪૩૧/૨૦૧૭-૧૮/તા.૧૩-૧૦-૨૦૧૭ મુજબ વોર્ડ-૭ ના જુનીયર કલાર્ક શ્રી હિરલ એન. પંડયાની વિદેશગમનની રજાઓ મંજૂર કરવામાં આવેલ હતી. શ્રી પંડયાએ **તા.૧૬-૪-૨૦૧૮** ના રોજ પોતાની ફરજ ઉપર બિનચૂક હાજર રહેવાનું છે, અન્યથા તે તારીખથી તેઓનું રાજીનામું ગણી લેવાનું રહેશે, તેમ હુકમમાં જણાવેલ હતું. આમ, સ્પષ્ટ હુકમ હોવા છતાં તેઓને સા.વ.વિ.જા.નં. ૧૫૩૧/૨૦૧૯-૨૦ તથા વોર્ડ-૧૦ ના ઠરાવ નં.૧૦૫/૨૦૧૯-૨૦ આધારે **તા.૪-૯-૨૦૧૯** ના રોજ ઓફીસ સમય દરમ્યાન ૧૭ માસ મોડા હાજર કરવામાં આવેલ હતા. જેનું MDBP વાંધા સહ ઓડીટ શાખા દ્વારા માન્ય કરવામાં આવેલ હતુ.

સદર બાબતે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા યોગ્ય તે કાર્યવાહીની અપેક્ષાએ સપ્ટેમ્બર-૨૦૧૯ તથા ઓકટોબર-૨૦૧૯ નું પગાર પત્રક ઓડીટ વાંધા નં. ૫૮ થી પ્રોવિઝનલી માન્ય કરવામાં આવેલ. જેથી સા.વ.વિ./ખા.ત.એકમ/હુકમ અંકઃ ૭૯/૨૦૧૯-૨૦ આધારે શ્રી પંડયાને ૧ ઈજાફો ભવિષ્યની અસર સિવાય અટકાવવાની શિક્ષા કરવામાં આવેલ છે. આમ કર્મચારી દ્વારા વહીવટ વિભાગના હુકમનો અનાદર કરવાના પ્રસંગે તેઓને ત્વરિત શિક્ષા કરવી જરૂરી છે.

Audit Dept.

## : તસલમાત જમાખર્ચ રિપોર્ટ :

પેરા-૧૫

મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આકસ્મિક કે અનિવાર્ય સંજોગો દરમ્યાન કરવા પડતા વિકાસના, નિભાવણીના કે અન્ય વહીવટી કામો, અથવા ખરીદી વિગેરે માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મંજૂરી મેળવી ત્વરીત ચૂકવણાં માટે ખાતાધિકારીના નામે (ખાતાધિકારીના હોદ્દા જોગ) તસલમાત (Advances) લેવામાં આવે છે. આવા સંજોગોમાં ખાતા તરફથી રજૂ થયેલ તસલમાત (Advances) ઓડિટ શાખામાંથી સત્વરે માન્ય કરી આપવામાં આવે છે. ત્યારબાદ તેવાં કામો પૂર્ણ થયેથી તેના ફાઇનલ હિસાબોના જમાખર્ચના બિલ, જે તે ખાતા મારફતે ઓડિટ શાખાએ થી માન્ય કરાવવાના હોય છે.

હિસાબી શાખાએથી રજૂ કરવામાં આવેલ Revenue Advance 2019-20 મુજબ તસલમાતના હિસાબની નાણાંકીય સ્થિતી જોતાં રેવન્યુ તસલમાતની તા.૧-૪-૨૦૧૯ ના રોજ બાકી સિલક ₹ ૫૪,૫૪,૮૨,૪૧૬/- હતી. અહેવાલ વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કુલ તસલમાતની રકમ ₹ ૨૯,૫૪,૪૮,૮૫૪/- માન્ય કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૯-૨૦ સુધીની કુલ મંજૂર થયેલ ₹ ૮૪,૦૯,૩૧,૨૭૦/- તસલમાત પૈકી ખાતાઓ તેમજ વોર્ડ તરફથી થયેલ જમાખર્ચ ₹ ૨૫,૩૩,૧૮,૨૮૯/- હતો. ઓડિટ તપાસણી અહેવાલના વર્ષ અંતે કુલ ₹ ૫૮,૭૬,૧૨,૯૮૧/- ની તસલમાતની રકમનો જમાખર્ચ  કરાવવામાં આવેલ નથી. કેટલાંક ખાતાઓમાં Debit Balance ને બદલે Credit Balance દર્શાવેલ છે. જેની ખાત્રી કરી લેવા માટે હિસાબી શાખાને જાણ કરેલી છે.

ઉપરોક્ત બાબત જોતાં વર્ષના અંતે ₹ ૫૮,૭૬,૧૨,૯૮૧/- ના તસલમાત જમાખર્ચના હિસાબો સબંધિત ખાતા/વોર્ડ દ્વારા રજૂ કરેલ નથી, તે ઘણી જ ગંભીર બાબત છે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પરીપત્ર અંક: ૧૨/૨૦૦૩-૦૪, તા.૧૪-૮-૨૦૦૩ મુજબ તસલમાત જમાખર્ચના હિસાબો  દિન-૩૦ માં કરવા જણાવેલ છે. તેમ છતાં અહેવાલ વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન બાકી તસલમાત જમાખર્ચનું પ્રમાણ (ratio) ફક્ત ૩૦.૧૨% જણાઇ આવેલ છે. આમ જુદાં જુદાં ખાતાઓ દ્વારા તસલમાત જમાખર્ચ કરાવવા અંગે દુર્લક્ષતા રાખવામાં આવેલી છે.

*(ખાતાવાઇઝ તસલમાત અંગેની વિગતો પરિશિષ્ટ-૭ માં દર્શાવેલ છે.)*

Audit Dept.

## પરિશિષ્ટ-૧

### પ્રિ-ઓડિટ કરેલ બિલની સંખ્યાની માહિતી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | બિલનો પ્રકાર | મુખ્ય ઓડિટ | ઉત્તર ઝોન | દક્ષિણ ઝોન | પૂર્વ ઝોન | પશ્ચિમ ઝોન | સ્ટોર ઓડિટ | કુલ બિલની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તસલમાત | ૨૦૧ | ૧ | | ૧ | | ૩૪ | ૨૩૭ |
| ૨ | દેણેયાદી | ૭૮૧૦ | ૩૫૦ | ૨૮૬ | ૨૪૮ | ૪૦૧ | ૧૮૦૩ | ૧૦૮૯૮ |
| ૩ | લાઇટ / ટેલિફોન / મોબાઇલ | ૪૫૮૨ | ૮૩ | ૧૯૭ | ૨૯૭ | ૧૧ | ૭ | ૫૧૭૭ |
| ૪ | પેન્શન | ૧૨૩૬ | - | - | - | - | - | ૧૨૩૬ |
| ૫ | P.W.D | ૨૦૨૪ | ૬૬૧ | ૬૦૭ | ૪૯૭ | ૪૭૧ | - | ૪૨૬૦ |
| ૬ | રીફંડ | ૩૭૧૪ | ૭૪૨ | ૧૦૯૭ | ૫૪૭ | ૧૭૨૫ | ૬૮૭ | ૮૫૧૨ |
| ૭ | પગાર | ૧૨૧૧ | ૨૫૨ | ૧૮૮ | ૧૫૭ | ૧૬૭ | - | ૧૯૭૫ |
| ૮ | મેડીકલ | ૯૩૨૭ | - | - | - | - | - | ૯૩૨૭ |
| ૯ | M.P/M.L.A ગ્રાન્ટ | - | ૫૮ | ૬૯ | ૨૭ | ૬૪ | ૧ | ૨૧૯ |
| ૧૦ | અન્ય | ૧૩૧ | - | - | - | - | - | ૧૩૧ |
| **ચાલુ વર્ષ** | **કુલ બિલ** | **૩૦૨૩૬** | **૨૧૪૭** | **૨૪૪૪** | **૧૭૭૪** | **૨૮૩૯** | **૨૫૩૨** | **૪૧૯૭૨** |
| ગત વર્ષ | કુલ બિલ | ૩૧૭૩૧ | ૨૩૩૭ | ૨૦૮૯ | ૨૨૭૮ | ૨૯૨૩ | ૨૬૩૦ | ૪૩૯૮૮ |

Audit Dept.



## પરિશિષ્ટ-૨

### પ્રિ-ઓડિટ દરમ્યાન બિલમાંથી કરેલ કુલ કપાતની માહિતી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | વિભાગનું નામ | પગાર બિલ | દેણેયાદી બિલ | PWD બિલ | પેન્શન બિલ / કેસ | અનામત / વેરા રીફંડ બિલ | TA / LTC બિલ | કુલ રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુખ્ય ઓડિટ | ૫,૯૮,૬૩૯ | ૨૯,૮૧,૭૪૮ | ૧,૬૩,૧૫,૫૩૧ | ૧,૮૫,૧૯૦ | - | ૮૧,૭૬૧ | ૨,૦૧,૬૨,૮૬૯ |
| ૨ | ઉત્તર ઝોન | ૨,૧૦,૨૧૪ | ૨૨,૬૩૭ | ૮૧,૫૫૮ | - | - | ૩૭,૧૬૨ | ૩,૫૧,૫૭૧ |
| ૩ | દક્ષિણ ઝોન | ૮૦,૧૩૭ | ૧,૦૮,૨૧૮ | ૩૧,૧૪૧ | - | - | - | ૨,૧૯,૪૯૬ |
| ૪ | પૂર્વ ઝોન | ૧,૦૦,૮૧૮ | ૨૫,૫૦૮ | ૪૬,૯૪૫ | - | - | - | ૧,૭૩,૨૭૧ |
| ૫ | પશ્ચિમ ઝોન | ૫૩,૦૫૬ | ૮,૩૧૯ | ૧,૨૬,૪૯૭ | - | ૨૩,૦૫૧ | ૪૧,૩૦૫ | ૨,૫૨,૨૨૮ |
| ૬ | સ્ટોર ઓડિટ | - | ૨૬,૯૪,૮૧૦ | - | - | - | - | ૨૬,૯૪,૮૧૦ |
| | **કુલ રકમ ₹** | **૧૦,૪૨,૮૬૪** | **૫૮,૪૧,૨૪૦** | **૧,૬૬,૦૧,૬૭૨** | **૧,૮૫,૧૯૦** | **૨૩,૦૫૧** | **૧,૬૦,૨૨૮** | **૨,૩૮,૫૪,૨૪૫** |

## પરિશિષ્ટ-૩

### પ્રોવિઝનલી માન્ય કરેલ બિલની માહિતી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | વિભાગનું નામ | પગાર બિલ | દેણેયાદી બિલ | PWD બિલ | પેન્શન બિલ / કેસ | અનામત / વેરા રીફંડ બિલ | કુલ રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુખ્ય ઓડિટ | - | - | - | - | - | - |
| ૨ | ઉત્તર ઝોન | - | ૧૧,૮૦૦ | ૧૫,૬૮,૪૩૯ | - | - | ૧૫,૮૦,૨૩૯ |
| ૩ | દક્ષિણ ઝોન | - | - | - | - | - | - |
| ૪ | પૂર્વ ઝોન | - | - | - | - | - | - |
| ૫ | પશ્ચિમ ઝોન | ૮૧,૧૫૬ | - | - | - | - | ૮૧,૧૫૬ |
| ૬ | સ્ટોર ઓડિટ | - | - | - | - | - | - |
| | **કુલ રકમ ₹** | **૮૧,૧૫૬** | **૧૧,૮૦૦** | **૧૫,૬૮,૪૩૯** | - | - | **૧૬,૬૧,૩૯૫** |

# પરિશિષ્ટ-૪

## બિલમાંથી કરેલ મહત્વની કપાતની માહિતી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | નામની વિગત | ખાતાનું નામ | બિલનો પ્રકાર | બિલનો ઓડિટ આવક નંબર / તારીખ | કપાતના કારણની ટૂંકમાં નોંધ | ઓડિટ વાંધા નંબર / તારીખ | ઓડિટ વાંધો નિકાલે થયેલ છે ? હા / ના | કપાતની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|
| **મુખ્ય ઓડિટ કચેરી (પગાર વિભાગ)** | | | | | | | | |
| ૧ | પરેશ એમ. જૈન | સ્ટ્રીટ લાઇટ | પગાર | પી-૨૧૯/ ૧૯-૬-૧૯ | વધુ આકાર ની કપાત | ૩૩/ ૨૧-૬-૧૯ | હા | ૬૫,૨૧૧ |
| ૨ | ઈશ્વર કે. માળી | વ્હીકલપુલ | પગાર | પી -૧૮૬/ ૨૫-૧-૨૦ | વધુ આકાર ની કપાત | ૬૮/ ૩૧-૧-૨૦ | હા | ૭૦,૧૬૫ |
| ૩ | નગર નિયોજન સમિતિ | ટી. ડી. ઓ. | પગાર | એ-૬૧૫૨/ ૧૭-૩-૨૦ | મોંઘવારી, ઘરભાડું તથા ટકાવારી આકાર ભૂલ | ૭૯/ ૩૦-૩-૨૦ | હા | ૨,૮૬,૫૮૯ |
| **મુખ્ય ઓડિટ કચેરી (PWD વિભાગ)** | | | | | | | | |
| ૪ | શિવાલય ઇન્ફ્રા પ્રો.પ્રા.લી | રોડ પ્રોજેક્ટ | પાર્ટ બિલ | આઇ-૨૮૯/ ૪-૯-૧૯ | મંજુર ટેન્ડર કરતા વધુ ભાવ આકારની કપાત | ૫૫૩/ ૩૧-૩-૨૦ | ના | ૧૬,૬૦,૨૪૫ |
| ૫ | ક્રિષ્ણા કોર્પોરેશન J/V રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રા. પ્રા.લી | પાણી પુરવઠા | પાર્ટ બિલ | આઇ-૬૮૪/ ૧૬-૯-૧૯ | Price Variation ગણતરીમાં ભુલની કપાત | ૨૬૭/ ૨૨-૧૦-૧૯ | ના | ૨૯,૭૨,૩૮૦ |

Audit Dept.

| અનુ. નંબર | નામની વિગત | ખાતાનું નામ | બિલનો પ્રકાર | બિલનો ઓડિટ આવક નંબર / તારીખ | કપાતના કારણની ટૂંકમાં નોંધ | ઓડિટ વાંધા નંબર / તારીખ | ઓડિટ વાંધો નિકાલે થયેલ છે ? હા / ના | કપાતની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | રેનીસન એન્ટરપ્રાઇઝ | પાણી પુરવઠા | ફાયનલ બિલ | ડી-૨૨૧/ ૬-૧૧-૧૯ | Estimate ગણતરી તથા એમ.બી.ની ભુલની કપાત [ 67(3)(C) હેઠળનું કામ] | ૩૦૧/ ૧૬-૧૧-૧૯ | હા | ૧૭,૧૩,૩૮૩ |
| **મુખ્ય ઓડિટ કચેરી (દેણેયાદી વિભાગ)** | | | | | | | | |
| ૭ | મધ્ય ગુજરાત વિજ કંપની લી. | પાણી પુરવઠા | દેણેયાદી | એ-૧૦૩૬/ ૨૪-૬-૧૯ | Excess Load Demand નું ચુકવણું અગાઉના વીજ બિલમાં કરેલ હોઇ દુબાર ચુકવણું થતા અટકાવેલ છે. | ૫૩/ ૨૪-૬-૧૯ | હા | ૫,૪૬,૩૯૨ |
| ૮ | પુજા કન્સ્ટ્રકશન કંપની | સુવેજ ડી વર્કસ | દેણેયાદી | એ-૬૪૪/ ૨૮-૫-૧૯ | ૨% ઈ.એમ.ડી. બેંક ગેરંટી તુટ ની કપાત | ૩૧/ ૧૩-૬-૧૯ | હા | ૩,૪૪,૨૬૨ |
| ૯ | વાઇટલ ફેસીલીટીઝ પ્રા.લી. | પાણી પુરવઠા | દેણેયાદી | પી-૩૫૮/ ૨૦-૮-૧૯ | ગેરહાજરી કપાત તથા વર્કઓર્ડર મુજબની તારીખનું બિલ આકાર કરતા થયેલ કપાત | ૭૬/ ૫-૯-૧૯ | હા | ૫,૬૧,૪૩૫ |
| **ઉત્તર ઝોન ઓડિટ વિભાગ** | | | | | | | | |
| ૧૦ | પૂર્વીબેન વી. શાહ | વોર્ડ-૭ રેવેન્યુ | પગાર | એસ-૧૫/ ૧૨-૭-૧૯ | વધુ આકાર ની કપાત | ૪૯/ ૧૬-૭-૧૯ | હા | ૬૬,૪૦૭ |

Audit Dept.

| અનુ. નંબર | નામની વિગત | ખાતાનું નામ | બિલનો પ્રકાર | બિલનો ઓડિટ આવક નંબર / તારીખ | કપાતના કારણની ટૂંકમાં નોંધ | ઓડિટ વાંધા નંબર / તારીખ | ઓડિટ વાંધો નિકાલે થયેલ છે ? હા / ના | કપાતની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | સુરેશભાઇ ધુલાભાઇ સોલંકી | વોર્ડ-૫ રેવેન્યુ | પગાર | - | વધુ આકાર ની કપાત | ૫૫/ ૨૫-૭-૧૯ | ના | ૩૬,૫૪૦ |
| ૧૨ | પંકજભાઇ જે. ઔધિયા | ઉત્તર ઝોન | પગાર | પી-૧૦૧/ ૧૬-૧૦-૧૯ | વધુ આકાર ની કપાત | ૧૧૬/ ૨૪-૧૦-૧૯ | ના | ૬૩,૬૫૩ |
| દક્ષિણ ઝોન ઓડિટ વિભાગ | | | | | | | | |
| ૧૩ | તુલસાબેન મોહનભાઇ પરમાર | વોર્ડ-૧૨ સેનેટરી | પગાર | પી-૧૪૪/ ૬-૨-૨૦ | સીક રજાના પગારમાં આકાર ભુલ | ૭૦/ ૬-૨-૨૦ | હા | ૩૬,૧૫૩ |
| ૧૪ | મનોજભાઇ એસ. ગાવડેકર | વોર્ડ-૪ રેવેન્યુ | દેણેયાદી | એ-૮૪૮/ ૧-૨-૨૦ | ગ્રેડ પે મુજબ ગણતરીની આકાર ભુલ | ૭૧/ ૧૧-૨-૨૦ | હા | ૪૧,૪૬૦ |
| ૧૫ | અજિત મનહરલાલ રાણા | વોર્ડ-૧૨ રેવેન્યુ | દેણેયાદી | એ-૮૯૨/ ૧૩-૨-૨૦ | ગ્રેડ પે મુજબ ગણતરીની આકાર ભૂલ | ૭૩/ ૧૩-૨-૨૦ | હા | ૩૬,૬૫૧ |
| પૂર્વ ઝોન ઓડિટ વિભાગ | | | | | | | | |
| ૧૬ | જિગ્નેશભાઇ વી. ગોહિલ | એ.એમ. સી પૂર્વ ઝોન | પગાર | એ-૧૨/ ૧૧-૪-૧૯ | વધુ આકાર ની કપાત | ૦૨/ ૨૪-૪-૧૯ | હા | ૪૪,૨૯૪ |
| ૧૭ | લતાબેન જે. તળપદા | વોર્ડ-૧ રેવેન્યુ | પગાર | એ-૨૧૮/ ૧૮-૭-૧૯ | વધુ આકાર ની કપાત | ૪૧/ ૧૮-૭-૧૯ | હા | ૫૬,૫૨૪ |

Audit Dept.

| અનુ. નંબર | નામની વિગત | ખાતાનું નામ | બિલનો પ્રકાર | બિલનો ઓડિટ આવક નંબર / તારીખ | કપાતના કારણની ટૂંકમાં નોંધ | ઓડિટ વાંધા નંબર / તારીખ | ઓડિટ વાંધો નિકાલે થયેલ છે ? હા / ના | કપાતની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | લકી સીમેન્ટ | પૂર્વ ઝોન | દેણેયાદી | એ-૫૬૮/ ૨૨-૧૧-૧૯ | ૫% Performance Bank Guarantee ની કપાત | ૯૦/ ૨૨-૧૧-૧૯ | હા | ૨૫,૪૬૪ |
| ૧૯ | ધરા ઇલેકટ્રીકલ્સ | વોર્ડ-૨ એન્જી. | P.W.D | એ-૭૦૬/ ૨૪-૧-૨૦ | ઓવરટાઈમ કપાત | ૯૭/ ૨૪-૧-૨૦ | - | ૧૭,૭૫૩ |
| **પશ્ચિમ ઝોન ઓડિટ વિભાગ** | | | | | | | | |
| ૨૦ | પિન્ટુ આર રાઠોડ | વોર્ડ-૬ રેવેન્યુ | LTC | એ-૭૨૨/ ૫-૨-૨૦ | વધુ આકારની કપાત | ૧૧૮/ ૧૪-૨-૨૦ | ના | ૨૭,૨૪૮ |
| ૨૧ | જય ભોલે એન્ટરપ્રાઇઝ | વોર્ડ-૧૦ એન્જી. | P.W.D | એ-૭૮૪/ ૨૮-૨-૨૦ | વધુ આકારની કપાત | ૧૨૯/ ૬-૩-૨૦ | ના | ૨૭,૬૬૦ |
| **સ્ટોર ઓડિટ વિભાગ** | | | | | | | | |
| ૨૨ | મેધા એનવાઇરો સર્વીસીસ | વ્હીકલ પુલ | તસલમાત | એફ-૩૩/ ૨૧-૧-૨૦ | ભારે વરસાદના સમયે કામગીરી ન થયેલ હોવા છતા કરેલ આકારની કપાત | ૨૯૩/ ૩૧-૩-૨૦ | હા | ૩,૨૯,૫૧૫ |

## પરિશિષ્ટ-૫

## એક વર્ષથી વધુ સમય બાદ મંજૂરી અર્થે રજૂ થયેલ બિલની માહિતી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | ઇજારદારનું નામ | ખાતાનું નામ | બિલનો પ્રકાર | કામ પૂરા તારીખ | બિલનો ઓડિટ ઇન્વર્ડ નંબર / તારીખ | ઓડિટ વાંધા નંબર / તારીખ | માન. કમિશ્નરશ્રીની મંજૂરી મળેલ છે? હા / ના | બિલ માન્ય કરેલ છે ? હા / ના | બિલની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **મુખ્ય ઓડિટ કચેરી (PWD વિભાગ)** | | | | | | | | | |
| ૧ | અનિલ ઇલેક્ટ્રીકલ્સ | સ્ટ્રીટ લાઇટ | ફાઇનલ બિલ | ૧૯-૨-૧૪ | ડી-૭૯<br>૬-૫-૧૫ | ૫૮/<br>૨૭-૫-૧૫ | હા | હા | ૧,૦૨,૯૪૯ |
| ૨ | તુષાર વાઇ. વર્કસ | સ્ટ્રીટ લાઇટ | ફાઇનલ બિલ | ૫-૩-૧૮ | ડી-૬૫૬<br>૨૦-૩-૧૯ | ૫૪૦/<br>૩૦-૩-૧૯ | હા | હા | ૭૮,૩૨૫ |
| ૩ | પી.સી. સ્નેહલ | બિલ્ડીંગ શાખા | ફાઇનલ બિલ | ૭-૨-૧૪ | આઇ-૮૩<br>૪-૫-૧૯ | ૧૯/<br>૨૧-૫-૧૯ | હા | હા | ૩૩,૬૪૪ |
| ૪ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | પાર્ટ બિલ | ૩-૨-૧૨ | આઇ-૧૪૫<br>૧૬-૫-૧૩ | ૨૦૬/<br>૧૯-૭-૧૩ | હા | હા | ૪૮,૪૨૬ |
| ૫ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૧૩-૯-૧૨ | આઇ-૧૪૫<br>૧૫-૫-૧૯ | ૨૧/<br>૨૧-૫-૧૯ | હા | હા | ૩૩,૨૫૬ |
| ૬ | અગ્રવાલ કન્સ્ટ્રકશન | પૂર્વ ઝોન | ફાઇનલ બિલ | ૨૮-૩-૧૭ | આઇ-૯૯<br>૮-૫-૧૯ | ૧૭/<br>૨૧-૫-૧૯ | હા | હા | ૧,૧૦,૬૫૩ |
| ૭ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૨૦-૧-૧૩ | આઇ-૧૬૫<br>૧૭-૫-૧૯ | ૨૪/<br>૨૨-૫-૧૯ | હા | હા | ૨૨,૩૬૮ |

| અનુ. નંબર | ઇજારદારનું નામ | ખાતાનું નામ | બિલનો પ્રકાર | કામ પૂરા તારીખ | બિલનો ઓડિટ ઇન્વર્ડ નંબર / તારીખ | ઓડિટ વાંધા નંબર / તારીખ | માન. કમિશ્નરશ્રીની મંજૂરી મળેલ છે? હા / ના | બિલ માન્ય કરેલ છે ? હા / ના | બિલની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૧૧-૯-૧૨ | આઇ-૧૪૮ ૧૫-૫-૧૯ | ૨૬/ ૨૩-૫-૧૯ | હા | હા | ૬૩,૬૬૩ |
| ૯ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૧૩-૯-૧૨ | આઇ-૨૫૭ ૬-૬-૧૯ | ૮૬/ ૨૬-૬-૧૯ | હા | હા | ૩૪,૮૪૯ |
| ૧૦ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૨૦-૧૨-૧૨ | આઇ-૧૪૬ ૧૫-૫-૧૯ | ૩૦/ ૨૭-૫-૧૯ | હા | હા | ૧૩,૨૩૯ |
| ૧૧ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૧૦-૯-૧૨ | આઇ-૧૬૭ ૧૭-૫-૧૯ | ૩૧/ ૨૭-૫-૧૯ | હા | હા | ૪૯,૫૪૦ |
| ૧૨ | ભારત કન્સ્ટ્રકશન | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૨૯-૧૦-૧૨ | આઇ-૧૫૦ ૧૫-૫-૧૯ | ૪૪/ ૨૭-૫-૧૯ | હા | હા | ૨૯,૮૫૫ |
| ૧૩ | ઓનેસ્ટ એન્જીનીયર | પશ્ચિમ ઝોન | ફાઇનલ બિલ | ૧૬-૯-૧૭ | ડી-૫૨૪ ૧૬-૧-૧૯ | ૪૭૦/ ૨૩-૧-૧૯ | હા | હા | ૩,૨૭,૫૨૦ |
| ૧૪ | ઓનેસ્ટ એન્જીનીયર | પશ્ચિમ ઝોન | ફાઇનલ બિલ | ૨૯-૬-૧૭ | ડી-૫૨૫ ૧૬-૧-૧૯ | ૪૭૦/ ૨૩-૧-૧૯ | હા | હા | ૩,૭૦,૧૯૧ |
| ૧૫ | ઓનેસ્ટ એન્જીનીયર | પશ્ચિમ ઝોન | ફાઇનલ બિલ | ૬-૭-૧૭ | આઇ-૧૪૭૪ ૩૧-૧-૧૯ | ૪૯૪/ ૧૪-૨-૧૯ | હા | હા | ૧,૧૬,૫૮૪ |

Audit Dept

| અનુ. નંબર | ઇજારદારનું નામ | ખાતાનું નામ | બિલનો પ્રકાર | કામ પૂરા તારીખ | બિલનો ઓડિટ ઇન્વર્ડ નંબર / તારીખ | ઓડિટ વાંધા નંબર / તારીખ | માન. કમિશ્નરશ્રીની મંજૂરી મળેલ છે? હા / ના | બિલ માન્ય કરેલ છે ? હા / ના | બિલની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | રાજ કન્સ્ટ્રકશન | રોડ પ્રોજેક્ટ | ફાઇનલ બિલ | ૫-૫-૧૭ | ડી-૭૬૦ ૨૯-૩-૧૯ | ૫૬૦/ ૩૦-૩-૧૯ | હા | હા | ૩,૩૭,૭૩૨ |
| ૧૭ | ડાહ્યાભાઇ બી પટેલ | રોડ પ્રોજેક્ટ | ફાઇનલ બિલ | ૩૧-૧-૧૬ | ડી-૩૮ ૨૮-૫-૧૯ | - | હા | હા | ૫,૨૪,૭૧૪ |
| ૧૮ | દ્વારકેશ બિલ્ડર્સ | પૂર્વ ઝોન | ફાઇનલ બિલ | ૧૪-૬-૧૭ | ડી-૪૫ ૩૧-૫-૧૯ | - | હા | હા | ૧,૧૯,૪૯૦ |
| ૧૯ | દ્વારકેશ બિલ્ડર્સ | પૂર્વ ઝોન | ફાઇનલ બિલ | ૧૩-૬-૧૭ | ડી-૪૮ ૩૧-૫-૧૯ | - | હા | હા | ૨,૫૩,૪૫૦ |
| ૨૦ | દ્વારકેશ બિલ્ડર્સ | પૂર્વ ઝોન | ફાઇનલ બિલ | ૧૩-૬-૧૭ | આઇ-૧૦૧ ૮-૫-૧૯ | - | હા | હા | ૧,૪૧,૧૧૪ |
| ૨૧ | વર્ધમાન એસોસીએટ્સ | ઉત્તર ઝોન | ફાઇનલ બિલ | ૧૧-૯-૧૪ | આઇ-૩૪૦ ૨૧-૬-૧૯ | - | હા | હા | ૪,૬૫,૧૩૯ |
| ૨૨ | વર્ધમાન એસોસીએટ્સ | દક્ષિણ ઝોન | ફાઇનલ બિલ | ૩૦-૬-૧૪ | આઇ-૩૪૨ ૨૧-૬-૧૯ | - | હા | હા | ૫૫,૩૫૦ |
| ૨૩ | પ્રકાશ ઇલેક્ટ્રીકલ્સ | સ્ટ્રીટ લાઇટ | ફાઇનલ બિલ | ૩૧-૩-૧૭ | ડી-૧૩૧ ૮-૮-૧૯ | - | હા | હા | ૧,૫૪,૬૫૨ |

Audit Dept

| અનુ. નંબર | ઇજારદારનું નામ | ખાતાનું નામ | બિલનો પ્રકાર | કામ પૂરા તારીખ | બિલનો ઓડિટ ઇન્વર્ડ નંબર / તારીખ | ઓડિટ વાંધા નંબર / તારીખ | માન. કમિશ્નરશ્રીની મંજૂરી મળેલ છે? હા / ના | બિલ માન્ય કરેલ છે ? હા / ના | બિલની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | પ્રકાશ ઇલેક્ટ્રીકલ્સ | સ્ટ્રીટ લાઇટ | ફાઇનલ બિલ | ૩-૫-૧૭ | આઇ-૫૫૪ ૮-૮-૧૯ | - | હા | હા | ૭૩,૭૫૪ |
| ૨૫ | પી.પી.પટેલ | ડ્રેનેજ શાખા | ફાઇનલ બિલ | ૫-૧૧-૧૩ | જે-૨૧૧ ૧૯-૧-૧૮ | - | હા | હા | ૧,૧૯,૭૫,૮૬૯ |
| **મુખ્ય ઓડિટ કચેરી (દેણેયાદી વિભાગ)** | | | | | | | | | |
| ૨૬ | સી.ઈ.આઈ.એલ. | બી.એસ.યુ.પી. પ્રોજેક્ટ | દેણેયાદી | - | જે-૧૨ ૬-૫-૧૯ | ૧૧/ ૨૩-૫-૧૯ | હા | હા | ૧૧,૦૦,૪૪૨ |
| ૨૭ | શ્રી ચેરીટેબલ ટ્રસ્ટ | યુ.સી.ડી. પ્રોજેક્ટ | દેણેયાદી | - | આઇ-૯૧ ૬-૫-૧૯ | ૧૩/ ૨૮-૫-૧૯ | હા | હા | ૩,૪૭,૩૪૭ |
| ૨૮ | સી.ઈ.આઈ.એલ. | બી.એસ.યુ.પી. પ્રોજેક્ટ | દેણેયાદી | - | જે-૫૫ ૨૨-૧૦-૧૯ | ૧૨૩/ ૧૫-૧૧-૧૯ | હા | હા | ૪,૯૪,૦૦૦ |
| ૨૯ | સાંઈ એપ્લાઇડ ટેક્નો પ્રા.લી. | સુવેજ ડી. વર્કસ | દેણેયાદી | - | આઇ-૧૧૦૯ ૧૨-૧૨-૧૯ | ૧૪૭/ ૨૬-૧૨-૧૯ | હા | હા | ૮૪,૫૩,૬૮૭ |
| ૩૦ | એ.આઇ.આઇ. એલ.એસ.જી. | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | દેણેયાદી | - | બી-૨૮૩૭ ૧૧-૨-૨૦ | ૧૮૪/ ૩-૩-૨૦ | હા | હા | ૩,૦૦,૦૦૦ |

Audit Dept

| અનુ. નંબર | ઇજારદારનું નામ | ખાતાનું નામ | બિલનો પ્રકાર | કામ પૂરા તારીખ | બિલનો ઓડિટ ઇન્વર્ડ નંબર / તારીખ | ઓડિટ વાંધા નંબર / તારીખ | માન. કમિશ્નરશ્રીની મંજૂરી મળેલ છે? હા / ના | બિલ માન્ય કરેલ છે ? હા / ના | બિલની રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | આર.સી.પટેલ | પાણી પુરવઠા | દેણેયાદી | - | એ-૬૭૦૫ - ૬૭૦૮ અને એ-૬૭૧૫ | ૨૧૫/ ૩૧-૩-૨૦ | હા | હા | ૮,૭૧,૬૧૧ |
| **પશ્ચિમ ઝોન ઓડિટ વિભાગ** | | | | | | | | | |
| ૩૨ | મિતુલ આર. ટ્રેડર્સ | વોર્ડ-૪ એન્જી. | ફાઇનલ બિલ | ૧-૧૦-૧૮ | એ-૫૫૮ ૧૦-૧૨-૧૯ | ૯૬/ ૧-૧-૨૦ | હા | હા | ૪૯,૯૬૪ |
| **દક્ષિણ ઝોન ઓડિટ વિભાગ** | | | | | | | | | |
| ૩૩ | જે. એસ. કપ્તાન | વોર્ડ-૧૨ એન્જી. | ફાઇનલ બિલ | ૨૯-૮-૧૮ | આઇ-૪૫ ૧૮-૧૦-૧૯ | ૫૮/ ૨૩-૧૦-૧૯ | હા | હા | ૧૭,૬૬૮ |
| ૩૪ | રાજ કન્સ્ટ્રક્શન | વોર્ડ-૧૨ એન્જી. | ફાઇનલ બિલ | ૧૩-૧૧-૧૮ | આઇ-૫૩ ૧૭-૧૨-૧૯ | ૬૩/ ૨૧-૧૨-૧૯ | હા | હા | ૧,૬૦,૪૪૪ |
| **સ્ટોર ઓડિટ વિભાગ** | | | | | | | | | |
| ૩૫ | ગીતાંજલી ટ્રાવેલીંગ કું | વ્હીકલ પુલ | દેણેયાદી | - | સી-૧૦ ૧૮-૪-૧૯ | ૩/ ૨૬-૪-૧૯ | હા | હા | ૪૬,૬૮૫ |

Audit Dept.

## પરિશિષ્ટ-૬

### જમા તપાસણી વિભાગની માહિતી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | ખાતાનું નામ | જમા દફ્તરનું નામ | તપાસણી વર્ષ | કુલ વર્ષ | ઓડિટ વાંધા નંબર / તારીખ | ઓડિટ વાંધો નિકાલ થયેલ છે ? હા / ના | કુલ વસૂલાત પાત્ર રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ ઝોન ઓડિટ વિભાગ | | | | | | | |
| ૧ | વોર્ડ-૧ રેવેન્યુ વિભાગ | વાહન વેરા રજીસ્ટર | ૨૦૧૬-૧૭ થી ૨૦૧૭-૧૮ | ૨ | ૪૧/ ૨૦-૫-૧૯ | ના | ૧૩,૩૮૧ |
| ૨ | વોર્ડ-૨ રેવેન્યુ વિભાગ | ચેક રીટર્ન રજીસ્ટર | ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ | ૩ | ૬૨/ ૧૭-૬-૧૯ | ના | ૭,૦૧,૨૦૫ |
| ૩ | વોર્ડ-૨ રેવેન્યુ વિભાગ | ચેક રીટર્ન રજીસ્ટર | ૨૦૧૬-૧૭ થી ૨૦૧૭-૧૮ | ૨ | ૯૦/ ૧૮-૭-૧૯ | ના | ૨,૯૧,૦૮૪ |
| ૪ | વોર્ડ-૨ એન્જીનીયરીંગ વિભાગ | પાણી મીટર દફ્તર | ૨૦૧૮-૧૯ થી ૨૦૧૯-૨૦ | ૨ | ૧૯૮/ ૨૯-૧૧-૧૯ | ના | ૧,૧૪,૫૦૦ |
| | | | | | | **કુલ રકમ ₹** | **૧૧,૨૦,૧૭૦** |

Audit Dept.


પરિશિષ્ટ-૭

## REVENUE ADVANCES

1-Apr-2019 to 31-Mar-2020

| Particulars | Opening Balance | Transactions | | Closing Balance |
|---|---|---|---|---|
| | | Debit | Credit | |
| 3101 MUNICIPAL SECRETARY'S OFFICE | 161667.00 Dr | *1105000.00* | *163291.00* | 1103376.00 Dr |
| 3102 O.S. | 746394.37 Dr | *7361000.00* | *702043.00* | 7405351.37 Dr |
| 3115 ELECTION | 1648204.00 Dr | *2348920.00* | *532474.00* | 3464650.00 Dr |
| 3118 SOUTH ZONE | 21513593.50 Dr | *638721.00* | *1002987.00* | 21149327.50 Dr |
| 3119 NORTH ZONE | 13088102.00 Dr | | | 13088102.00 Dr |
| 3120 WEST ZONE | 2634368.25 Dr | | | 2634368.25 Dr |
| 3121 EAST ZONE | 15783261.00 Dr | *15804986.00* | | 31588247.00 Dr |
| 3122 AMC C/Z | 48587.50 Dr | | | 48587.50 Dr |
| 3141 WARD A | 70926.00 Dr | | | 70926.00 Dr |
| 3142 WARD B | 402387.25 Dr | | | 402387.25 Dr |
| 3143 WARD C | 3425.00 Cr | | | 3425.00 Cr |
| 3144 WARD D | 178677.00 Dr | | | 178677.00 Dr |
| 3145 WARD E | 66308.77 Dr | | | 66308.77 Dr |
| 3146 WARD F | 884472.50 Dr | | | 884472.50 Dr |
| 3147 WARD G | 40883.00 Dr | | | 40883.00 Dr |
| 3148 WARD H | 336416.00 Dr | | | 336416.00 Dr |
| 3149 WARD I | 182326.90 Dr | | | 182326.90 Dr |
| 3150 WARD J | 23132.00 Dr | | | 23132.00 Dr |
| 3151 EX.ENG.WARDS | 150.00 Dr | | | 150.00 Dr |
| 3180 CITY ENG. | 2071.00 Dr | | | 2071.00 Dr |
| 3181 ADD.CITY ENG. | 1392.00 Dr | | | 1392.00 Dr |
| 3182 ACCOUNT | 53700745.70 Dr | *722000.00* | *46937649.00* | 7485096.70 Dr |
| 3200 AUDIT | 22485.00 Dr | | *28111.00* | 5626.00 Cr |
| 3210 SECURITY | 43940.00 Dr | | | 43940.00 Dr |
| 3220 MECHANICAL | 51726828.26 Dr | *3466646.00* | *10262269.00* | 44931205.26 Dr |
| 3224 WORK SHOP | 4424297.80 Dr | *517421.00* | | 4941718.80 Dr |

Audit Dept.

| Particulars | Opening Balance | Transactions | | Closing Balance |
|---|---|---|---|---|
| | | Debit | Credit | |
| 3225 VEHICLE POOL | 3730787.28 Dr | *134630244.00* | *91622333.00* | 46738698.28 Dr |
| 3240 STORE | 56465265.78 Dr | | *8844845.00* | 47620420.78 Dr |
| 3241 STORE STOCK | 4500.00 Dr | | | 4500.00 Dr |
| 3242 STORE REVOLVING | 298.00 Dr | | | 298.00 Dr |
| 3260 MUNI COURT | 696.00 Dr | | | 696.00 Dr |
| 3263 E.D.P. | 23250.00 Cr | | | 23250.00 Cr |
| 3274 LEGAL | 546228.00 Dr | | | 546228.00 Dr |
| 3301 BUILDING | 627243.22 Dr | *1639671.00* | | 2266914.22 Dr |
| 3320 ROAD | 129221825.46 Dr | | *21557.00* | 129200268.46 Dr |
| 3321 Road Dept. | 15616839.94 Dr | *7000000.00* | *7380300.00* | 15236539.94 Dr |
| 3322 ROAD STOCK | 2660317.00 Dr | | | 2660317.00 Dr |
| 3350 HOUSING | 11701516.00 Dr | | | 11701516.00 Dr |
| 3363 TOWN DEVELOP | 3585434.05 Dr | | | 3585434.05 Dr |
| 3400 WATER SUPPLY | 3252847.80 Cr | *45978709.00* | | 42725861.20 Dr |
| 3430 AJWA | 17283649.00 Dr | *12391072.00* | *13844140.00* | 15830581.00 Dr |
| 3440 DRAINAGE | 14982364.00 Dr | *15015774.00* | *11426983.00* | 18571155.00 Dr |
| 3442 SEWERAGE ELE.MECH. | 7872926.19 Dr | *1350424.00* | *225830.86* | 8997519.33 Dr |
| 3444 PUBLIC HEALTH ENG. | 2388.00 Dr | | | 2388.00 Dr |
| 3460 ELE.MECH.WATER SUPPLY | 48550925.76 Dr | *2871417.00* | *4151173.00* | 47271169.76 Dr |
| 3464 MUNI.SCHOOL BOARD | 3966372.00 Dr | | | 3966372.00 Dr |
| 3470 HEALTH | 13790407.73 Dr | *21746536.00* | *24591770.00* | 10945173.73 Dr |
| 3471 FAMILY PLANNING | 189048.50 Cr | | | 189048.50 Cr |
| 3472 Birth and Death | 312261.28 Dr | | *184796.00* | 127465.28 Dr |
| 3473 JNNURM | 17283166.00 Dr | | | 17283166.00 Dr |
| 3476 FILERIA | 11359909.00 Dr | *4199500.00* | *10800716.00* | 4758693.00 Dr |
| 3477 PUBLIC HEALTH LABO. | 299891.00 Dr | | | 299891.00 Dr |
| 3480 FOOD Dept. | 935168.00 Cr | *1862394.00* | *1862394.00* | 935168.00 Cr |
| 3486 MARKET | 1077.00 Cr | | | 1077.00 Cr |
| 3489 U.C.D./U.B.S. | 2536342.43 Dr | *25000.00* | *72800.00* | 2488542.43 Dr |
| 3510 PARKS & GARDEN | 524012.28 Dr | *50000.00* | *431276.00* | 142736.28 Dr |

Audit Dept.

| Particulars | Opening Balance | Transactions | | Closing Balance |
|---|---|---|---|---|
| | | Debit | Credit | |
| 3540 ZOO | 83329.47 Cr | *50000.00* | *10000.00* | 43329.47 Cr |
| 3550 STREET LIGHT | 6817795.00 Dr | | | 6817795.00 Dr |
| 3590 FIRE BRIGADE | 1053272.00 Dr | *13476252.00* | *13429120.00* | 1100404.00 Dr |
| 3621 P.R.O. | 1769018.00 Dr | *285000.00* | *208253.00* | 1845765.00 Dr |
| 3622 PRESS | 28101.00 Cr | | | 28101.00 Cr |
| 3640 STROM WATER DRAIN | 1567306.00 Dr | | *160138.00* | 1407168.00 Dr |
| 3700 OCTROI | 101901.45 Dr | | | 101901.45 Dr |
| 3750 LAND & ESTATE | 1875041.10 Dr | | *2500000.00* | 624958.90 Cr |
| 3770 TOURIST | 327702.00 Dr | | *313200.00* | 14502.00 Dr |
| 3800 GANDHINAGAR GRUH | 57633.34 Cr | | | 57633.34 Cr |
| 3810 ASSESSMENT | 5492.00 Dr | | | 5492.00 Dr |
| 3820 PLANETORIUM | 1430939.00 Dr | | | 1430939.00 Dr |
| 3840 G.E.B.Deposit Loan A/C | 1251402.00 Dr | | | 1251402.00 Dr |
| 3841 SOLID WASTE MANAGEMENT | 749356.00 Dr | | | 749356.00 Dr |
| 3842 Vigilance Dept. | 29796.00 Dr | | | 29796.00 Dr |
| 3843 Census (E) | 15000.00 Dr | | | 15000.00 Dr |
| 3844 Affordable Housing & MGY Cell | 153000.00 Dr | *30000.00* | | 183000.00 Dr |
| 3845 Traffic Dept. | 215600.00 Dr | *882167.00* | *215600.00* | 882167.00 Dr |
| 3846 Bridge Dept. | 2036494.00 Dr | | *1392241.00* | 644253.00 Dr |
| **Grand Total** | **545482416.64 Dr** | ***295448854.00*** | ***253318289.86*** | **587612980.78 Dr** |

# પરિશિષ્ટ-૮

## હિસાબી શાખા લેજર / ખાતા તપાસણી (વર્ષ ૨૦૧૯-૨૦)

| અનુ. નંબર | ફંડનું નામ તથા વાંધાની વિગત | ઓડિટ વાંધા નંબર / તારીખ |
|---|---|---|
| ૧ | **ADVANCE FUND**<br>• કુલ ૧૧ ખાતામાં નેગેટિવ બેલેન્સ જણાઈ આવેલ છે.<br>• વ્હીકલ લોનનું ખાતું ચકાસતાં વ્હીકલ લોન પર જમાં આવતું વ્યાજ છૂટું પાડી ઉત્પન્ન સદરે જમા લેવામાં આવેલ નથી.<br>• Group Summary મુજબ કુલ ₹ ૮૩,૦૧,૯૨,૮૩૨/- તસલમાત જમાખર્ચ કરવાનો બાકી જણાય છે. | ૧૩૦૬/<br>૫-૧૨-૧૯ |
| ૨ | **GRANT FUND**<br>• Capital અને Committed Grant માં કુલ ૪ ગ્રાન્ટમાં નેગેટિવ બેલેન્સ જણાઈ આવેલ છે તથા MLA, Entertainment Tax, M.P. Loksabha, Entertainment Tax (Urban Poor), Professional Tax, Swarnim Gujarat-II, Swarnim Road & Street Light & Others, Patang Mahotsav Grant અને CLTC GRANT (PMAY) ગ્રાન્ટના Sub-Ledger માં પણ નેગેટિવ બેલેન્સ જણાઈ આવેલ છે, તેમજ ૩૬ ગ્રાન્ટમાં તા.૧-૪-૨૦૧૯ થી તા.૩૦-૧૧-૨૦૧૯ દરમ્યાન કોઈ પણ Transaction થયેલ નથી.<br>• Advances ના Sub-Ledgers માં કુલ પાંચ ખાતાઓને ₹ ૫૬,૫૫,૫૩૫/- તસલમાત આપી હોય તેમ જણાય છે, જેનો જમાખર્ચ કરાવવો.<br>• Receivable from VMC Contribution (RCB) માં ₹ ૩૩,૫૫,૯૨,૧૪૮/- બેલેન્સ જણાય છે જે સરભર કરવું.<br>• Trial બેલેન્સ માં Opening બેલેન્સ Difference ₹ ૧,૩૪,૦૧,૧૬૦/- છે, જે અગાઉના વર્ષના બેલેન્સ સાથે Tally કરી સુધારવું. | ૧૫૧૫/<br>૧૬-૧-૨૦ |

Audit Dept.

| અનુ. નંબર | ફંડનું નામ તથા વાંધાની વિગત | ઓડિટ વાંધા નંબર / તારીખ |
|---|---|---|
| 3 | **REVENUE CAPITAL BUDGET**<br>• Suspense A/C માં ₹ ૧,૪૪,૩૦,૧૪૪/- બેલેન્સ જણાઈ આવેલ છે.<br>• 92613 Govt. Cess on Construction માં Debit બેલેન્સ જણાય છે જેમાં EVR ની કોઈ એન્ટ્રી બાકી હોય તો પૂર્તતા કરવી.<br>• 72320 BOB A/C.1900200000191 (RCB) માં તા.૧૫-૧૨-૨૦૧૯ ના રોજ ₹ ૩૯,૧૧,૬૭૧.૮૦ નેગેટિવ બેલેન્સ છે. તેમજ Corporation Bank A/c 1095 માં ₹૩,૦૩,૮૬૧.૫૫ નેગેટિવ બેલેન્સ છે. | ૧૫૮૪/<br>૨૭-૧-૨૦ |
| ૪ | **MAIN FUND**<br>• Secured Loans ના Group માં 88241 N.S.D.P.Loan Phase III 148 Lacs, 88243 Pur.Equip.Solid W.Man. (Fin Board) અને 88608 Loan for 1272 EWS 384 Lakhs માં અનુક્રમે ₹ ૪૪,૩૯,૯૬૭/-, ₹ ૪,૩૫,૪૬૦/- અને ₹ ૩૭,૪૨૫/- બેલેન્સ જણાઈ આવેલ છે. જો તે ચૂકવવાપાત્ર ના હોય તો Write-Off કરવું.<br>• Loan From Deposit Fund for (BSUP-I) માં ₹ ૨૩,૨૫,૦૦,૦૦૦/- બેલેન્સ જણાઈ આવેલ છે, જેમાં વર્ષ દરમ્યાન કોઈ Transactions થયેલ નથી, જેથી હપ્તા ચૂકવવાની કાર્યવાહી કરવી.<br>• 92980 Prof. Tax Grant Income માં ₹ ૧૫,૫૬,૪૪,૨૯૦/- બેલેન્સ જણાય છે, જે અન્ય Ledger કે Fund માં તબદીલ કરવાપાત્ર હોય તો તબદીલ કરવું.<br>• Cheques Dishonored Accounts ના Group માં ₹ ૨,૦૬,૫૪,૪૨૯.૮૬ બેલેન્સ જણાય છે જે Recoverable ના હોય અને Write-off કરવા પાત્ર હોય તો કાર્યવાહી કરવી.<br>• Suspense A/C માં ₹ ૩૪,૦૧,૮૨૯/- બેલેન્સ જણાઈ આવેલ છે. ખાતરી કરી જરૂરી સુધારા Entry કરવી.<br>• 18145 Grant Against Octroi Income માં ₹ ૨૬,૮૦,૨૧,૩૩૪/- ગ્રાન્ટ જમા આવે છે, પરંતુ માહે August અને December માં ₹ ૨૬,૮૦,૧૨,૫૭૨/- જમા લીધેલ છે. આમ પ્રતિ માહ ₹ ૮,૭૬૨/- ગ્રાન્ટ ઓછી જમા આવેલ જણાય છે, ખાતરી કરવી. | ૧૭૩૩/<br>૧૫-૨-૨૦ |

Audit Dept.

| અનુ. નંબર | ફંડનું નામ તથા વાંધાની વિગત | ઓડિટ વાંધા નંબર / તારીખ |
|---|---|---|
| ૫ | **JNNURM GRANT FUND**<br>• Suspense A/C માં ₹ ૧,૬૯,૪૧,૨૫૫/- બેલેન્સ જણાઈ આવેલ છે.<br>• 72381 B.O.B.K.M.01900100013593 Jnnurm ના બેન્ક ખાતામાં ₹ ૨૨,૦૭,૭૬૬/- નેગેટિવ બેલેન્સ જણાય છે. | ૧૮૦૫/ ૨૮-૨-૨૦ |
| ૬ | **DEPOSIT FUND**<br>• Deposit (Liabilities) ની Group Summary ચકાસતા કુલ ૬૧ Ledgers માં વર્ષ દરમ્યાન કોઈ પણ Transactions ધ્યાને આવેલ નથી, આમ સદર અનામતના પ્રકાર ચકાસી જો અનામત Refundable ના હોય અથવા Un-Claim Deposit તરીકે જમા લેવાપાત્ર હોય તો કાર્યવાહી કરવી<br>• 92307 અને 92371A માં નેગેટિવ બેલેન્સ જણાઈ આવેલ છે.<br>• Cheques Dishonored Accounts ના Group માં ₹ ૧૦,૫૫,૯૨૮/- બેલેન્સ જણાય છે જે Recoverable ના હોય અને Write-off કરવાપાત્ર હોય તો કાર્યવાહી કરવી.<br>• Suspense A/C માં ₹ ૧,૬૯,૬૦૦/- બેલેન્સ જણાઈ આવેલ છે. જેની Adjustment Entry કરવી | ૧૯૨૦/ ૧૭-૩-૨૦ |

****